સારો બાણાવળી પોતાના ધનુષ્ય બાણને કારણે નહીં.. પણ પોતે તાકેલા નિશાનોની પસંદગીના કારણે વખણાતો હોય છે
- થોમસ ફુલર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૨૫ | ૧૫ જુલાઇ, ૨૦૧૪, મંગળવાર; અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● દેશમાં ૪૩ ટકા ઓછો વરસાદ**

મેઘરાજાએ આ વર્ષે દગો દેતા દેશમાં પાંચ વર્ષ બાદ કારમો



દુષ્કાળ પડવાની ભીતી સેવાઈ રહી છે. મુંબઈ અને પશ્ચિમ ભારતમાં કેટલાક ભાગો સિવાય ક્યાંય વરસાદ નથી. હવામાન વિભાગ માની ચુક્યું છે કે અત્યાર સુધી દેશમાં ૪૩ ટકા ઓછો વરસાદ નોંધાયો છે.

**● કોંગ્રેસ હવે પવારના શરણે**

લોકસભા ચૂંટણીમાં



કોંગ્રેસના બુરા પરાજય બાદ હવે પક્ષમાં નેતૃત્વની કટોકટી પણ સર્જાઈ છે. રાહુલ ગાંધી પક્ષને સક્ષમ નેતૃત્વ નહી આપી શકે તે નિશ્ચિત બનતા હવે કોંગ્રેસ પીઢ દિગ્ગજ નેતા શરદ પવારના શરણે ગઈ છે. મહારાષ્ટ્રમાં પવાર કહે તો પૃથ્વીરાજને સીએમ પદેથી ફેરવવા પણ કોંગ્રેસ તૈયાર છે.

**● સચિવથી લઈ સરપંચના મોબાઈલ-ઈમેલ ડેટા વડાપ્રધાન કાર્યાલયે મંગાવ્યા**

કેન્દ્રીય મંત્રાલયના સચિવ સાથે સીધી વાતચીત કર્યા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હવે



કેન્દ્રના તમામ કર્મચારીઓને પોતાની સાથે સીધા સંપર્કમાં રાખવા માંગે છે. શ્રી મોદીએ કર્મચારીઓના ઈમેલ તથા મોબાઈલ નંબરનો ડેટા એકત્ર કરવાની સુચના આપી છે. મોદી આ ડેટાનો ઉપયોગ ૧૫મી ઓગષ્ટના રોજ સ્વતંત્રતા દિને કર્મચારીઓને સીધો સંદેશ આપવામાં કરશે.

**● જાપાનમાં ભૂકંપ બાદ મિની સુનામી**

જાપાનનો ઉત્તરીય વિસ્તાર શનિવારે વહેલી સવારે શક્તિશાળી ભૂકંપથી ધણધણી



ઉઠ્યો હતો. ૬.૮ ની તીવ્રતાવાળા શક્તિશાળી ભૂકંપ બાદ સરકાર ચેતી ગઈ હતી. વળી આ ભૂકંપ દરિયાકિનારાના વિસ્તારોમાં થતા નાનકડી સુનામી સર્જાઈ હતી. જો કે હજુ સુધી જાન-માલની નુકશાનીના અહેવાલ મળ્યા નથી.


ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઇલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬
મો. : ૯૪૨૬૨૭૦૪૮૧


# મેઘરાજાએ ગાંધીનગરને હાથતાળી આપી





(તસવીર : દિપક જાની)

## વહેલી સવારે ઘેરાયેલું આકાશ જોઈ વસાહતીઓ ખુશ થઈ ગયા હતા પરંતુ માત્ર અમી છાંટણા થતા સૌ નિરાશ થયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેર અને આસપાસના વિસ્તારમાં સવારે માર્ગો અને ધાબા ભિંજાય એટલો વરસાદ પડ્યો હતો. જેવા વરસાદના છાંટણા શરૂ થયા એટલે સૌના મનમાં આનંદ ઉભરાયો હતો પરંતુ કોણ જાણે કેમ પાંચ-સાત મિનિટમાં જ આ છાંટા પણ બંધ થઈ ગયા. રોડ ભિંજાયા, ક્યાંક ક્યાંક ધાબા ભીના થયા, ક્યાંક લોકો છત્રીઓ લઈને ઓફિસ જવા માટે પણ નિકળ્યા પરંતુ મેઘરાજાએ જાણે ગાંધીનગરને વધુ વિરહની વેદના આપવાનું નક્કી કર્યું હોય એમ આંગણે આવીને મેઘરાજા છટકી ગયા. તેમને મનાવવા મંદિરો-મસ્જિદોમાં પ્રાર્થનાઓ અને બંદગીઓ સતત ચાલી રહી છે. અને એટલે જ એમ લાગતું હતું કે, જરૂર મન મૂકીને વરસાદ વરસશે.

ઘણાં ઘણાં દિવસોથી વરસાદની ખુબ આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલા ગાંધીનગરના વસાહતીઓ આજે વહેલી સવારે ઘેરાયેલું આકાશ જોઈ ખુશખુશાલ થઈ ગયા હતા અને હમણાં વરસાદ પડશે તેવું લાગતા ઘણા યુવાનો પ્રથમ વરસાદમાં ભીંજાવા તત્પર બન્યા હતા. જો કે મેઘરાજા જાણે ગાંધીનગરને હાથતાળી આપવા તત્પર હોય તેમ દસ વાગ્યે તો વાદળો વિખેરાવા માંડયા હતા અને પુનઃ આકરો બફારો શરૂ થઈ ગયો હતો.

ગાંધીનગરના વસાહતીઓ આ વર્ષે હજુ સુધી વરસાદનો સ્પર્શ પામી શકયા નથી. હવે થોડાક દિવસોમાં વરસાદ આવશે તેવી હૈયાધારણા પણ બંધાઈ હતી. આગાહી મુજબ જ આજે વહેલી સવારે આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા. એકદમ સરસ વરસાદી વાતાવરણ બંધાઈ ગયું હતું. વાતાવરણમાં ઠંડક પણ થઈ ગઈ હતી. શહેરમાં કેટલાક સ્થળોએ

● અનુસંધાન પાન-૭ પર

## ધંધુકામાં ચાર ઈંચથી વધુ વરસાદ

**અમદાવાદમાં મોડી સાંજે અમીછાંટણાથી આશા : અમરેલી, મોડાસા, દાહોદમાં પણ હળવા વરસાદી ઝાપટા આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદની ચેતવણી**

અમદાવાદ, તા.૧૪

ગુજરાતના જુદા જુદા ભાગોની સાથે આજે મોડી સાંજે અમદાવાદ શહેરના કેટલાક ભાગોમાં અમીછાંટણા થતા લોકોમાં નવી આશા જાગી હતી. બીજી બાજુ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થયો હતો. ધંધુકામાં ચાર ઈંચ જેટલો સૌથી વધુ વરસાદ થયો હતો જ્યારે દાહોદના ફતેપુરામાં ત્રણ ઈંચ જેટલો વરસાદ અને મોડાસામાં દોઢ ઈંચ જેટલો વરસાદ થયો હતો. આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર, દિવ અને દમણ, દાદરાનગર હવેલીમાં આગામી ત્રણ દિવસ દરમિયાન ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે અમદાવાદ શહેર માટે પણ વરસાદની આગાહી કરી છે. ઉત્તરપૂર્વીય અરેબિયન દરિયામાં અપર એર સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિ સર્જાય છે જેની અસર જોવા મળી રહી છે. દરમિયાન ગુજરાતના અમદાવાદમાં આજે ૩૬.૫ ડિગ્રી તાપમાન રહ્યું હતું. વડોદરા, સુરત, અમરેલી, ઓખા, રાજકોટમાં હળવા ઝાપટા પડ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈ-બસ સેવા આરંભાશે

## પાયલોટ પ્રોજેક્ટની સફળતા પછી અન્ય શહેરો માટે પણ આયોજન : સોલાર વીજળીથી ચાલતા ઈલેક્ટ્રોનિક સ્ટેશન પર બસ ચાર્જ થશે





(ગૌતમ પુરોહિત) ગાંધીનગર, તા.૧૪

વિશ્વમાં પેટ્રોલ-ડિઝલના વધતા જતા ભાવોની સામે પડકાર ઉભો થયો છે અને તેનો સામનો કરવા વિશ્વના કેટલાક દેશોએ ઈલેક્ટ્રોનિક બસ તરફ દોટ લગાવી છે. ઈલેક્ટ્રોનિક કારની સાથે હવે જાહેર પરિવહનની બસ દેખાઈ રહી છે. ગુજરાતમાં આ -કારની ઈકો ફ્રેન્ડલી બસ સુવિધા શરૂ કરવાનું કામ સરકારના જ એક જાહેર સાહસ મારફતે શરૂ કરવામાં આવી રહ્યું છે જે તદ્દન કિફાયતી અને લોકોને -દૂષણ મુક્ત વાહન સુવિધા આપશે.

કિલન એનવાયર્નમેન્ટને -ોત્સાહન આપતી પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ વિકસાવવાના ભાગરૂપે ગુજરાત સરકારે રાજયમાં ઈલેક્ટ્રોનિક બસ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ટૂંક સમયમાં આ બસનો -ોજેક્ટ ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે સ્ટાર્ટ થવાની ધારણા છે. આ બસમાં ફ્યુઅલ નહી હોવાથી -દૂષણને કોઈ અવકાશ રહેતો નથી. વળી તેને ચાર્જ કરવા માટે પણ સોલાર વીજળી વપરાશે એટલે એનો પણ કોઈ ચાર્જ થશે નહી.

ગુજરાત સરકારની ખુદની કંપની ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ તરફથી ઈઓઆઈ માગવામાં આવ્યા છે. આ કંપની ગુજરાતના માર્ગો ઉપર -થમ તબક્કે ૧૫ થી ૨૦ ઈ-વ્હિકલ શરૂ કરવા માગે છે. કંપનીના સૂત્રોએ જણાવ્યું હતું કે પાયલોટ -ોજેક્ટની સફળતા પછી કંપની રાજયના અન્ય શહેરો અને વિસ્તારોને ઈ-બસની સુવિધા આપવા માગે છે.

ઈ-બસની સાથે કંપની સોલાર બેઝ ઈલેક્ટ્રીક ચાર્જીંગ સ્ટેશનો રેગ્યુલર બેઈઝ ઉપર સ્થાપવા માગે છે કે જેથી આ બસનું ચાર્જીંગ થઈ શકે. ૨૦૧૪ના અંત સુધીમાં આ -કારની ઈ-બસ સુવિધા શરૂ કરવાનો કંપનીનો ઈરાદો છે. હાલ બજારમાં ઈલેક્ટ્રોનિક બાઈક અને કાર જોવા મળે છે અને હવે માર્ગો ઉપર મોટી અદ્યતન ડિઝાઈનયુક્ત બસ જોવા મળે તો નવાઈ પામવા જેવું નથી.

# ગુજરાતના રાજ્યપાલ તરીકે ઓ.પી. કોહલીની વિધિવત નિમણુંક

## ભાજપના વરિષ્ઠ નેતા રામ નાયક ઉત્તરપ્રદેશના રાજ્યપાલ નિમાયા : કોહલી વર્ષ ૧૯૯૪થી ૨૦૦૦ દરમિયાન રાજ્યસભા સભ્ય તરીકે રહી ચુક્યા છે

ગાંધીનગર-નવી દિલ્હી, તા.૧૪

નરેન્દ્ર મોદી સરકાર દ્વારા નવા રાજ્યપાલોની નિમણૂંકનો સિલસિલો જારી રાખવામાં આવ્યો છે. આના ભાગરૂપે આજે ઉત્તરપ્રદેશના નવા રાજ્યપાલ તરીકે રામ નાયકની નિમણૂંક કરવામાં આવી હતી જ્યારે ગુજરાતના રાજ્યપાલ તરીકે ઓપી કોહલીની નિમણૂંક કરવામાં આવી છે. આની સાથે જ આ બે રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂંકને લઈને હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ધારણા પ્રમાણે જ રાષ્ટ્રપતિ ભવનને દિલ્હી ભાજપના ભૂતપૂર્વ વડા ઓપી કોહલીની ગુજરાતના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરી છે જ્યારે રામનાયકની ઉત્તરપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી



યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નાગાલેન્ડના રાજ્યપાલ તરીકે પદ્માનાભા બાલાકૃષ્ણા આચાર્યની નિમણૂંક કરાઈ છે જ્યારે છત્તીસગઢના રાજ્યપાલ તરીકે બલરામજી ટંડનની નિમણૂંક કરાઈ છે. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે કેસરીનાથ ત્રિપાઠીની વરણી કરાઈ છે. નરેન્દ્ર મોદી સરકાર દ્વારા પાંચ રાજ્યના રાજ્યપાલોની નિમણૂંક કરવામાં આવી છે. નાયક બીએલ જોશી બાદ ઉત્તરપ્રદેશના રાજ્યપાલની જવાબદારી સંભાળશે. બીએલ જોશીને રાજીનામુ આપવા માટે કહેવામાં આવ્યું હતું. જોશીએ ૧૭મી જૂનના દિવસે રાજીનામુ આપી દીધું હતું. મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ જોશીએ રાજીનામુ આપ્યું હતું. ત્રણ વખતના સંસદ સભ્ય ૮૦ વર્ષીય રામનાયક ભાજપના વરિષ્ઠ નેતા છે અને ભૂતપૂર્વ કેન્દ્રિય પ્રધાન છે. રામ નાયક એક માત્ર એવા પ્રધાન હતા જે પ્રધાને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ પ્રધાન તરીકે પાંચ વર્ષની અવધિ પુરી કરી હતી. કેન્સરથી ગ્રસ્ત થયા બાદ થોડાક સમય સુધી તેઓ રાજકારણથી દૂર રહ્યા હતા. ૨૦૧૩માં તેમણે જાહેરાત કરી હતી કે, તેઓ ૨૦૧૪ની ચૂંટણીમાં તેઓ ચૂંટણીમાં ઉતરશે નહી. બીજી બાજુ ૭૮ વર્ષીય કોહલી ૧૯૯૪થી ૨૦૦૦ દરમિયાન રાજ્યસભાના સભ્ય તરીકે રહ્યા હતા. તાજેતરમાં જ ગુજરાતના રાજ્યપાલ તરીકે કમલા બેનીવાલની હાલમાં જ મિઝોરમમાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. કેરળના રાજ્યપાલ શિલા દિક્ષીત, મહારાષ્ટ્રના રાજ્યપાલ શંકર નારાયણનની પણ ઉત્તરપૂર્વીય રાજ્યોમાં બદલી કરવામાં આવે તેવી શક્યતા છે.


ગાંધીનગરની સ્વાદપ્રિય જનતાના હ્રદયમાં વર્ષોથી આગવું સ્થાન ધરાવતી
જૂની અને જાણીતી હોટલ ગોકુલના
આજે જન્મદિન નિમિત્તે
ગુજરાતી થાળી
સ્પે. મેન્યુ સાથે સ્વીટ ફ્રી
100% PURE VEG
હોટલ ગોકુલ
એ.સી. ડાઈનીંગ હોલ એન્ડ ગેસ્ટ હાઉસ
ગુજરાતી થાળી
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે
માસિક જમવાની વ્યવસ્થા
એ.સી. તથા નોન એ.સી. રૂમ
ટીફીન સેવા ઉપલબ્ધ
પ્લોટનં.૪૩૭, એક્સીસ બેન્કની બાજુમાં, ઘ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૪૮૬૨૮, મો.૯૮૨૪૯૪૮૬૨૮, ૯૯૦૪૧ ૫૯૦૦૫, ૯૯૦૪૦ ૩૫૧૩૫, ૯૪૨૭૬ ૨૨૨૨૬